::– પ્રતિવાદી નં.૧ની આંક : ૧૫૩ ની અરજી નીચે હુકમ –::

પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી જે.આર.ગાંધી તથા વાદી તરફે વિ.વ.શ્રી ડી.એચ.દેસાઈને સાંભળ્યા. પ્રતિવાદી નં.૧ તરફેની હાલની અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ.

પ્રતિવાદી નં.૧ તરફેની હાલની અરજી નિ.૧૩૦/૧ થી ૧૩૦/૧૦ તથા નિ.૨૫/૨, ૨૫/૩,૨૫/૪ તથા નિ.૪૭/૧ વાળા દસ્તાવેજોને પાકા આંક આપવા હુકમ કરવા માટેની છે.

આ કામે નિ.૧૩૦/૧ થી નોંધાયેલ વસીયતનામાની નોટરી રૂબરૂની ચકાસણી કરેલ નકલ રજુ કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં.૧ તરફે એવી દલીલ છે કે સદર વસીયતનામુ ત્રીસ વર્ષ જુનો દસ્તાવેજ છે. જેથી ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૯૦ અન્વયે તે ખરો અને સાચો હોવાનુ અનુમાન થાય તેમજ સદર દસ્તાવેજ પુરાવામાં સીધેસીધો સ્વિકાર્ય છે તેમજ સદર વસીયતનામા અંગેની જરુરી હકીકતો પ્રતિવાદી નં.૧ ના લેખિત જવાબમાં તેમજ સરતપાસમાં જણાવેલી છે. જેથી વાદી તરફે રજુ થયેલ ચુકાદો જોતાં પણ સદર વસીયતનામુ આંકે પડવા પાત્ર છે. વાદી તરફે એવી દલીલ છે કે, વસીયતનામુ પુરવાર કરવાની ખાસ કાર્યરીતી છે જેથી ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૯૦ વસીયતનામાને લાગુ પડે નહીં. વસીયતનામાના સાક્ષીને તપાસ્યા વગર તે પુરવાર થાય નહી તેમજ અસલ વસીયતનામા અંગે કોઈ ખુલાસો નથી તેમજ વસીયતનામુ કરનારે તેઓના જીવતાં તેની નોંધણી કરાવેલ ન હોઈ શંકાસ્પદ સંજોગો ઉભા કરે છે.

આ કામે નિ.૧૩૦/૧ થી નોંધાયેલ વસીયતનામાની નોટરી રૂબરૂની ચકાસણી કરેલ નકલ રજુ કરવામાં આવેલ છે. આ કામે સદર વીલના કોઈ સક્ષીનો કોર્ટ રૂબરૂ પુરાવો રજુ થયેલ નથી. આ આ કામે પ્રતિવાદી નં.૧ તરફે રજુ થયેલ, ૧૯૯૯(૧) જી.એલ.એચ., ૫૯૬ (ગુજ.) જનાર્દન બદ્રીનારાયણ પટેલ વિ. શેઠ અંબાલાલ હીમતલાલના કેસનો ચુકાદો વંચાણે લેતાં, ભારતીય ઉત્તરાધિકાર અધિનીયમની કલમ–૬૩ અન્વયે વસીયતનામુ કરનારે સાક્ષી રૂબરૂ સહી કરેલ હોવી જરૂરી છે અને ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૬૮ મુજબ જે દસ્તાવેજમાં શાખ કરવી જરૂરી હોય તેવા દસ્તાવેજની શાખ કરનારને તપાસવામાં ન આવે ત્યાં સુધી દસ્તાવેજ પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય નહીં. તેમ ઠરાવેલ છે. આમ આ ચુકાદો આ કામે પ્રતિવાદી નં.૧ ને મદદરૂપ બનતો નથી.

આ કામે વાદી તરફે રજુ થયેલ, એ.આઈ.આર.૧૯૯૨ (કર્ણાટક) ૨૮૨, કેમ્પમ્મા વિ. કલમ્માના કેસનો ચુકાદો વંચાણે લેતાં, વસીયનામુમ કરનાર વસીયતનામુ કરતી વખતે માનસિક રીતે

સ્વસ્થ હતો અને તે તેમનુ છેલ્લુ વસીયતનામુ છે તેવુ પક્ષનિવેદનમાં ન હોય તો ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૯૦ મુજબનુ અનુમાન થાય નહી તેમ ઠરાવેલ છે. આ કામે પ્રતિવાદી નં.૧ ના લ ેખિત જવાબ તથા તેઓની સરતપાસના સોગંદનામામાં તેવી જરૂરી હકીકતો જણાવવામાં આવેલ છે. પરંતુ

,

(1) AIR 1996 SC 1253, Sri Lakhi Baruah v. Sri Padma Kanta Kalita, Hon'ble Supreme court has held that, Presumption under section 90 of Indian evidence Act does not apply to a copy of a certified copy even though thirty years old; but if a foundation is laid for the admission of secondary evidence under section 63 of the evidence Act by proof of loss of destruction of the original and the copy which is thirty years old is produced from proper custody. then only the signature authenticating the copy may under section 90 be presumed to be genuine.

(2) AIR 1968 SC 947, Kalindi Venkata Subbarain v. Chintalapati, Hon'ble Supreme court has held that, The production of copy of will purporting to be thirty years old does not warrant presumption of its execution. The presumption under section 90 arises in respect of original document.

આ કામે નિ.૧૩૦/૧ થી નોંધાયેલ વસીયતનામાની નોટરી રૂબરૂની ચકાસણી કરેલ નકલ રજુ કરવામાં આવેલ છે અસલ વસીયતનામુ રજુ કરવામાં આવેલ નથી કે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૬૩ મુજબ ગૌણ પુરાવા તરીકે રજુ થયેલ પ્રમાણિત નકલ નથી. જેથી ના.સુપ્રિમ કોર્ટના ઉપરોકત બંને ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ નિ.૧૩૦/૧ થી રજુ થયેલ વસીયતનામા અંગે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૯૦ મુજબનુ અનુમાન થઈ શકે નહી. આ સંજોગોમાં નિ.૧૩૦/૧ વાળા વસીયતનામાને આંક આપી શકાય નહી.

આ કામે નિ.૧૩૦/૨ થી રજુ થયેલ દસ્તાવેજને અગાઉ આંક–૧૩૮ આપવામાં આવેલો છે. આ કામે નિ.૧૩૦/૩ વાળો દસ્તાવેજ રે.દી.મુ.નં.૭૨/૧૦ ના કામે આંક–૩ થી રજુ થયેલ પુરાવા લીસ્ટની સર્ટીફાઈડ નકલ છે. નિ.૧૩૦/૪ વાળો દસ્તાવેજ રે.દી.મુ.નં.૭૨/૧૦ ના કામની આંક–૫ ની અરજી તથા તેની ઉપરના હુકમની સર્ટીફીઈડ નલક છે. નિ.૧૩૦/૫ વાળો દસ્તાવેજ રે.દી.મુ.નં.૭૨/૧૦ ના કામે આંક–૦૩ થી રજુ થયેલ પુરાવા લીસ્ટની સર્ટીફાઈડ નકલ છે. નિ.૧૩૦/૬ વાળો દસ્તાવેજ

રે.દી.મુ.નં.૭૨/૧૦ ના કામે આંક–૪૬ થી રજુ થયેલ વિથડ્રો પુરસીસની સર્ટીફાઈડ નકલ છે. નિ.૧ ૩૦/૦૭ વાળો દસ્તાવેજ ૫.દી.અપીલ નં.૧૦/૧૨ ની અપીલ મેમોની સર્ટીફીઈડ નકલ છે. નિ.૧૩૦/૦૮ વાળો દસ્તાવેજ ૫.દી.અપીલ નં.૧૦/૧૨ ના કામે આંક–૨૬ થી રજુ થયેલ પુરસીસની સર્ટીફીઈડ નકલ છે. નિ.૧૩૦/૦૯ તથા નિ.૧૩૦/૧૦ વાળા દસ્તાવેજ રેવન્યુ રેકર્ડના તલાટી કમ મંત્રીની સહી તથા સિકકા વાળા ઉતારા છે. આમ નિ.૧૩૦/૩ થી નિ.૧૩૦/૧૦ વાળા દસ્તાવેજી પુરાવા જાહેર દસ્તાવેનોની સર્ટીફાઈડ નકલો છે. જેથી તે તમામ દસ્તાવેજી પુરાવા આંકે પાડવા પાત્ર છે.

આ કામે નિ.૨૫/૨,૨૫/૩,૨૫/૪ તથા નિ.૪૭/૧ વાળા દસ્તાવેજો ઝેરોક્ષ નકલો છે. જેથી તે દસ્તાવેજી પુરાવાને આંકે પાડી શકાય નહીં.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે રજુ થયેલ નિ.૧૩૦/૩ થી નિ.૧૩૦/૧૦ વાળા દસ્તાવેજોને આંકે પાડવા યોગ્ય અને ન્યાયોચિત જણાય છે અને નિ.૨૫/૨,૨૫/૩,૨૫/૪ તથા નિ.૪૭/૧ વાળા દસ્તાવેજો આંકે પાડવા યોગ્ય અને ન્યાયોચિત જણાતુ ન હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુકમ –::

આથી ભારતીય પ્રતિવાદી નં.૧ તરફેની આંક–૧૫૩ ની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે અને ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૬૫ તથા ૭૪ અન્વયે નિ.૧૩૦/૩ થી નિ.૧ ૩૦/૧૦ વાળા દસ્તાવેજી પુરાવાને આંક આપવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૩મી સપ્ટેમ્બર–૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ,નવસારી.
કોડ નં.જીજે૦૦૫૬૧